

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
99789-26251

### સલામી સવારની..

*છે ગુનેગારોથી નાતો, નેતા જ એને ભગાડે છે,*
*છે બધા પક્ષ લીંપેલા, તંત્ર જાતે જ બગાડે ઓછે*
*જગાડે ખોટા વિવાદ, ઉછાળે પરસ્પર પંક -*
*લગાડે આગ ખૂદ, 'બચાવો'નાં ઢોલ વગાડે છે.*
*(ભાગેડુ ભ્રષ્ટાચારીઓ સોમે ભાઈબંધી)*

હાઈકુ

*ચોરના ભાઈ,*
*ખૂન કરાવ્યા પછી -*
*લે છે છાજિયા!*
*(બેન્ક લૂટાવ્યા પછીનું રૂદન)*

*મૃતાત્મા માલ્યા !*
*હવે આત્મહત્યાનો -*
*લે છે બદલો !*
*(નિવેદનોની ઢોલકી)*

### ચિંતન

*બાહ્યો નિરુદ્ધે મનસઃ પ્રસન્નતા મનઃપ્રસાદે પરમાત્મદર્શનમ્ ।*
*તસ્મિન સુદૃષ્ટે ભવબન્ધનાશો બહિર્નિરોધઃ પરવી વિમુક્તેઃ ॥*

ઉપરોક્ત શ્લોક સંસ્કૃત સુભાષિત ભાંડાગારમાંથી લેવામાં આવેલ છે.

બાહ્ય પદાર્થોથી મનનો નિરોધ થતાં મનમાં પ્રસન્નતા થાય છે, મનની પ્રસન્નતા થતાં પરમાત્માનું દર્શન થાય છે. અને પરમાત્માનું દર્શન થવાથી સંસારના બંધનનો નાશ થાય છે, આમ બાહ્ય પદાર્થોનો નિરોધ મુક્તિનો માર્ગ છે.

જયાં સુધી 'મન'ને વૈરાગ્ય - ત્યાગની ભાવના નહીં જાગે ત્યાં સુધી મન પર 'વૈરાગ્ય'ની ભાવના આવશે નહીં.

તમે બાસૂંદીના પાંચ દસ વાટકા પી જાવ વોમિટ થાય છતાં પીવો તો બાસૂંદી જોતાં જ 'વોમિટ'નો ઉબકો આવે - તમે ઉબકાઈ જાવ ત્યાં સુધી ભોગ ભોગવી લ્યો પછી જ સાચો વૈરાગ્ય આવે (જો બીજાના અનુભવથી ન સમજે એવા માટે). જ્ઞાનપૂર્વકની સમજથી પણ આ શક્ય બને ખરું.

### સુવિચાર

- વચનોની એટલી લ્હાણી ન કરવી કે એની તાપણી થઈ જાય - **રીઝવાન ગુજરાતી**
- અધિકારને એકાધિકાર માનનારા જાણમાં રાખે કે કોઈકે આપ્યા છે એટલે અધિકાર છે - **એસ. ભટ્ટાચાર્ય**
- તુફાન ભી આના જરૂરી હે જિંદગી મૈં... પતા ચલે કી 'કૌન' હાથ છુડા કર ભાગતા હે... ઔર 'કૌન' હાથ પકડ કર... - **ફેસબુક**
- બીજા વિને અનુમાન કરતા પહેલા પોતાની છેલ્લી ભૂલ વિશે વિચારી લેશો - **રજનીશ**
- તમે ભૂતકાળ વાગોળવામાં અને ભવિષ્યની ચિંતામાં હોવ ત્યારે ધીમેથી સરકી જાય તેનું નામ 'સમય' - **મુકેશ જોશી**
- બીજાને માટે આપણે શું કરવું તેને બદલે આપણે બીજા માટે ઓશું કરી શકીએ તેનો વિચાર કરવો જોઈએ - **રમેશ ઓઝા**
- આજનું ઔષધ : અડદની પૂરણપોળી શક્તિવર્ધન છે **(સંકલન : દીપક વી. આશરા)**

### બોધકથા

હાતિમભાઈ પોતાના સમયના પરોપકારી તથા ધનવાન વ્યક્તિ હતા. એકવાર એમણે નગરમાં રહેતા સૌને ભોજન માટે આમંત્રણ આપ્યું. મોંઘા નિષ્ઠાન પીરસવામાં આવ્યા. તેમ છતાં નગરના છેડે વસતો એક કઠિયારો પોતાની ઝૂંપડીની બહાર બેસી બાજરીનો રોટલો અને ડુંગળી ખાતો હતો. હાતિમભાઈને ખબર પડી કે એક કઠિયારો આ ભોજન જમવા માટે આવેલ નથી. તેમણે એની ઝૂંપડી પર જઈ કઠિયારાને કહ્યું, 'ભાઈ, આજે મેં આખા નગરને આમંત્રણ આપ્યું છે અને તમે અહીં બેસીને રોટલો ખાવ તે વ્યાજબી નથી.' કઠિયારા એ જવાબમાં કહ્યું, 'શેઠ, હું મારા શ્રમથી જ જ મારું અને મારા પરિવારનું પેટ ભરું છું. મને મારા મહેનતથી કમાયેલી ભોજન સામગ્રી જ સ્વાદિષ્ઠ અને મીઠી લાગે છે. આપના ઉત્તમ ભોજન મારા બાજરીના રોટલા સામે ફિક્કા છે.' સ્વાભિમાની કઠિયારાની વાત સાંભળી હાતિમભાઈએ કહ્યું, 'જો તમે મારે ત્યાં ભોજન નહીં કરો તો મારા સમગ્ર ભોજનનું પુણ્ય જતું રહેશે. તમારા જેવા ઉદ્યમી અને પરિશ્રમીને ભોજન કરાવીને હું મારી જાતને ભાગ્યશાળી સમજીશ.' હાતિમભાઈના આગ્રહ બાદ કઠિયારો એમની સાથે ભોજન કરવા સંમત થયો.

# દલા તરવાડી જેવો ઘાટ

**તંત્રીસ્થાનેથી...**

શ્રાવણ ભલે પૂરો થતો હોય, ગોર મહારાજ માટે તો બારે મહિના સરખા. એમને મતલબ તરભાણું ભરવાથી. ગુજરાત વિધાનસભામાં અને દિલ્હીની સંસદમાં આવા અકરાંતિયા ગોરમહારાજો બિરાજે છે એની પ્રજાજનોને પણ ધીરે ધીરે સમજણ તો પડવા માંડી છે. ચૂંટણી જીતવા માટે બધા લોકો વચ્ચે દોડી આવી ગરીબ કલ્યાણનાં ગાણાં ગાય છે, એકથી એક ચડિયાતી કાગળ ઉપરની યોજનાની ફેંકમફેંક કરતા ફરે છે. સમય વર્તે સાવધાન એમ કયારેક સફાઈ કામદાર થઈ ઝાડુ પકડી લે છે તો કયારેક ગંગાજીમાં ડૂબકી દઈ આવે છે, નર્મદાજીની જેવી આવડે એવી સ્તુતિ કરવા લાગે ે છે. આવા ગોર મહારાજોની બે પંગતો પૈકી એક સત્તા પક્ષ કહેવાય છે અને બીજી વિપક્ષ. એક ગાંધીથી લઈ ઈંદિરા ગાંધી અને રાહુલ ગાંધીના જયકારા બોલાવે છે ને બીજા સરદાર, દીનદયાળ ને અટલજીના નામના નારા લગાવે છે. જો કે સત્તા પક્ષ પાસે નરેન્દ્રમ મોદી જેવી વિભૂતિ હોઈ સૌથી વધારે જોશથી તો મોદીના જ નારા ગૂંજે છે. બેઉ જમાતો હિંદુ-મુસલમાનના નામે, દલિત-આદિવાસીના નામે બથ્થંબથ્થા આવી જાય છે. ખેડૂતો, પાટીદારો, ઠાકોરો - જે હડફેટે ચડે એના નામે ઊહાપોહ ચાલતો રહે છે. મોંઘવારી, પેટ્રોલ, ડીઝલ, શિક્ષણનું કથળતું સ્તર - વિષયો કયાં ખૂટવાના છે ? બળાત્કાર, ગેંગરેપ વગેરે વગેરે વગેરે. આ બધા મુદ્દા આપણા આ રીઢા ગુનેગારો જેવા ગોર મહારાજોના અસ્તિત્વની આલબેલ બની રહે છે. સામસામા બાંયો ચડાવીને વિધાનસભાને કે સંસદને કુરુક્ષેત્રનું મેદાન બનાવવાનો એમને જન્મસિદ્ધ અધિકાર સાંપડેલો છે. પરંતુ આ બેઉ જમાતો એક મુદ્દે જબરી સર્વસંમતિ દર્શાવતા ટેવાયેલી છે. એમને છાશવારે તરભાણું ઊણું વરતાતું રહે છે - સંસદ સભ્યો હોય કે ધારાસભ્યો, એમને પગાર હંમેશા ઓછો જ પડે છે. એટલે ચૂપચાપ બે દિવસ પૂરતું વિધાનસભાનું સત્ર બોલાવીને અથવા સંસદ સત્રના છેલ્લા દિવસે પગારવધારાનું બિલ રજૂ કરાય છે અને તે વિના વિરોધે - કશી ચર્ચા વગર ચુપચાપ પસાર કરી દેવાય છે. આ જંગી પગારવધારાનું વ્હાઈટ પેપર રજૂ થાય તો આપણી આંખો ફાટી જાય. કયારે ગુજરાત વિધાનસભાના સદસ્યને મળતો પગાર માત્ર મહિને અઢીસો રૂપિયા હતો એ અઢીસોનો પણ ડૉ. વસંત પરીખ જેવા વિષ્ઠાવાન ધારાસભ્ય વડનગરના બજાર ચોક વચ્ચે સભા ભરીને પાઈ પાઈનો હિસાબ આપતા હતા. બળવંતસિંહ કે મહેન્દ્રસિંહ મશરૂ જેવા જૂજ ધારાસભ્યો ભાડાંભથ્થાં કે પગાર નહીં લેવા હોવાનું પણ સાંભળ્યું છે. પરંતુ એક વાત સાચી કે વધતી જતી મોંઘવારી સાથે પ્રજાના આ સેવકોનાં ખીસામાં પણ ગરમ રહે તે નવા જમાનાની તાતી જરરિયાત છે. લાખોના પગાર લઈને આપણા ચૂંટાયેલા પ્રતિનિધિઓ પાછા 'સેવા' કરતા હોવાનો ડોળ કરે તે કેવું ! જો પ્રજાની પરસેવાની કમાણીમાંથી આટલી માતબર રકમનું મહેનતાણું વસૂલ કરતા હોય, પ્રજાના કરવેરામાંથી એમને સરકારી વાહન અને બંગલા ઉપલબ્ધ થતા હોય તો એ સેવાનો દાવો કરે તે હાસ્યાસ્પદ જ ગણાય. તેઓ પગારદાર નોકરો ગણાવા જોઈએ એને ઠેકાણે આ તો પગારદાર માલિકો બની બેઠા છે. વિપક્ષને બીજા ઘણા મુદ્દા વિરોધ કરવા માટે સૂઝે છે, પણ આ લૂંટફાટમાં તો એ હસતાં મોઢા સામેલ થઈ જાય છે. પ્રજા સાથે આથી મોટી છેતરપીંડી કઈ હોઈ શકે ? ધારાસભ્ય કે સાંસદ કોઈ ફુલટાઈમ સર્વિસ કરનારા કર્મચારીઓ કે અધિકારો નથી, છતાં એમને સચિવો કરતાં વધુ પગાર મળે છે, વળી પેન્શન પણ ખરું. ભારતીય લોકતંત્રનું આ હાંસીપાત્ર સત્ય છે. ગરીબ ધારાસભ્યો અને સાંસદો પૂરતી પગારવ્યવસ્થા હોય તે ઠીક છે, અહીં તો પ્રજાનાં નાણાંની પોતાના મોજશોખ માટે રેલંછેલ કરતાં મંત્રીઓ અને વિપક્ષના નેતા પણ ગોરમહારાજનું તરભાણું છલકાવવા લાઈનમાં ઊભા રહે છે તે કેવી વિડંબના છે!

# આરતી પાછળનો હેતુ શું?

**રંગ-ઉમંગ**

કાનન ઓઝા



ભારતમાં ભાગ્યે જ કોઈ વ્યક્તિ એવી હશે કે જેણે મંદિરમાં આરતી થતી ન જોઈ હોય. નાનકડી હથેલી જેવા આકારની વાડકી જેવા ચોખ્ખા ઘીની દીવેટ મુકેલી હોય અને સ્વચ્છ હાથથી પકડી જેને ફેરવવામાં આવે તેને આરતી તરીકે ઓળખવામાં આવે છે. આવી આરતી અને દીપકની



હોય છે. જેનો સાત દીપકની આરતી અને એક દીપકનો મંગળ દીવો એમ બ પ્રકારે આરતીની વિધિ કરતાં હોય છે. મંદિરમાં પ્રભુની બીજી બધી પૂજા વિધિ પૂર્ણ થયા પછી આરતીની વિધિ કરવામાં આવે છે. સંતોનું કહેવું છે કે પરમેશ્વરનો સત્કાર કરવા પ્રકાશ પાથરવાની વિધિ એટલે આરતી.

પુરાણા સમયમાં મંદિરોના ગર્ભગૃહોમાં અંધારું ઘણું રહેતું. દીવાની જયોતથી ભગવાનનાં દર્શન તો થતાં, પરંતુ ભગવાનનાં અંગેઅંગના દર્શન કરવા હોવાની જયોતને પ્ભુના નખથી શિખા સુધી ફેરવવામાં આવતી. આ હતી આરતીની શરુઆતની વિધિ. તે પછી આરતીની અલગ વિધિ શરુ થઈ જેની સાથે પ્રભુની ભક્તિનું સંગીત પણ ઉમેરાયું.

સામાન્ય રીતે આરતી જમણા હાથે પકડીને જમણેથી ડાબે એમ ગોળાકારમાં ઉતારવામાં આવે છે. જેનો આરતીને તાળમાં મૂકી બેઉ હથે થાળ પકડી આરતી ઉતારે છે. આરતી ઉતરતી હોય છે. ત્યારે ઘંટનાટ, શંખનાદ, હાથથી તાળીઓ વગેરે વગાડી આરતીનું પદ ગાવામાં આવે છે. દરેક દેવતાઓની આરતીના પદો અલગ અલગ હોય છે.

આરતી સંપૂર્ણપણે ધાર્મિક વિધઇ છે. અને તેનો હેતુ પ્રભુભક્તિનો આનંદ વ્યક્ત કરવાનો છે. આ આનંદ એટલા માટે વ્યક્ત કરવામાં આવે છે કે જીવ પ્રાણી માત્ર ઉપર કૃપા કરી પરમકૃપાળુ પરમાત્માએ પંચમહાભૂતની ભેટ આપી છે. સ્થિર રહેવા માટે પૃથ્વી રચી, જીવવા માટે જળ આપ્યું, ધાન્ય ઉત્પન્ન કરવા માટે સૂર્ય ચંદ્રરૂપી તેજ આપ્યું.

અન્ન પકવવા માટે અગ્નિ આપ્યો અને અન્ન પચાવવા જઠરાગ્નિ આપ્યો. પ્રાણને ધરવા શ્વાસ - વાયુ આપ્યા અને હલનચલન માટે અવકાશ - આકાશ આપ્યા. ભગવાનની આ પંચમહાભૂતોનું ઋણ અદા કરવા આપણે આરતીરૂપે તેઓનું અભિવાદન કરીએ છીએ.

વ્યવહારિક રીતે જોઈએ તો જે વ્યક્તિ સમગ્ર દિવસ દરમિયાનના વ્યવસ્તતાને કારણે મંદિર ન જઈ શક્યો હોય તે જયારે મંદિરમાં થતી આરતીનો ઘંટારવ સાંભળે છે. ત્યારે તે જયાં હોય ત્યાં ઘડીભર ઊભો રહી જાય છે. મનોમન પ્રભુને યાદ કરી લે છે અને સહજભાવે માથું નમાવી દે છે.

ગામડાઓમાં હજી આજેય સાંજ અને રાત વચ્ચેના સમયને 'આરતીટાણું' કહે છે. જેનો અર્થ થાય છે કે જીવનનિર્વાહ માટેની દોડધામ પછી હવે સાંજ પડી ગઈ છે. હવે બધું કામકાજ બંધ કરીને થોડીવાર માટે પણ પ્રભુને યાદ કરી લેવા જોઈએ.

આરતી મંદિરમાં પ્રભુ સમક્ષ કરવામાં આવતી વિશિષ્ટ વિધિ છે. આ ઉપરાંત જે સંતો, મહાપુરુષોના આપણા ઉપર ઉપકારો છે. તેઓની પણ આરતી ઉતારવામાં આવે છે.

# આઝાદ હિન્દ ફોઝની મહિલા રેજીમેન્ટનું નામ શું હતું ?

**ખજાનો**

અનિલ પટેલ



### ભારતીય ઈતિહાસ

૧ આર્ય સમાજના સ્થાપક કોણ હતા?
(અ) રાજારામ મોહનરાય (બ) દયાનંદ સરસ્વતી
(ક) સંત રોહિદાસ (ડ) સંત કબીર

૨ બેલ્વેટસ્કી અને અલ્કારે કઈ સંસ્થાની સ્થાપના કરી હતી ?
(અ) થિયોસોફીકલ સોસાયટી (બ) એન્ગો વૈદિક કૉલેજ
(ક) આત્મીયસભા (ડ) રામકૃષ્ણ મિશન

૩ શિકાગોમાં 'સર્વધર્મ સંમેલન' કઈ સાલમાં થયું હતું ?
(અ) ૧૯૭૫ (બ) ૧૮૯૦
(ક) ૧૮૯૩ (ડ) ૧૯૯૫

૪ 'થિયોસોફીકલ' ગ્રીક ભાષઆનો શબ્દ છે તેવો અર્થ શું થાય?
(અ) બ્રહ્મજ્ઞાન (બ) આત્મીય જ્ઞાન
(ક) સ્વયંજ્ઞાન (ડ) ઈશ્વરીય જ્ઞાન

૫ ભારતના પ્રથમ ગર્વનર જનરલ કોણ હતા ?
(અ) લોર્ડ વીલીયમ બેન્ટીંગ (બ) વોરન હેસ્ટીંગ્સ
(ક) લોર્ડ વેલેસ્વી (ડ) લોર્ડ ડેલાહાઉસી

૬ કોના શાસનમાં રાજધાની કલકત્તાથી ખસેડીને દિલ્હી લાવવામાં આવી?
(અ) લોર્ડ કર્ઝન (બ) લોર્ડ વેલેસ્વી
(ક) લોર્ડ હાર્ડીગ્ઝ (ડ) લોર્ડ બેન્ટીંગ

૭ રાધાસ્વામી સત્સંગની સ્થાપના કોણે કરી ?
(અ) બિરજુ મહારાજ (બ) શિવદયાલ મહારાજ
(ક) પાંડુરંગ આઠવલે (ડ) રામપાલ યાદવ

૮ સૌ પ્રથમ 'સ્વરાજ' શબ્દ પ્રયોગ કોણે કર્યં હતો ?
(અ) ગાંધીજી (બ) સરદાર પટેલ
(ક) લાલા લજપતરાય (ડ) બાળ ગંગાધર તિલક

૯ ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસના સ્થાપક કોણ હતા ?
(અ) એ. ઓ. હ્યુમ (બ) ગાંધીજી
(ક) સરદાર પટેલ (ડ) બાળ ગંગાધર તિલક

૧૦ 'રોલેટ અધિનિયમ' કયારે આવ્યો ?
(અ) ૧૯૧૫ (બ) ૧૯૧૯
(ક) ૧૯૨૨ (ડ) ૧૯૨૫

૧૧ સ્વરાજ દલના સંસ્થાપક કોણ છે?
(અ) લાલા લજપતરાય (બ) સચીન્દ્ર સાન્યાલ
(ક) સી.આર. દાસ (ડ) બલરાજ મધોક

૧૨ ઉધમસિંહે ઈંગ્લેન્ડ જઈને કોની હત્યા કરી હતી ?
(અ) જનરલ ડાયરની (બ) કલાઈવ લોઈડની
(ક) વિલીયમ હન્ટરની (ડ) લોર્ડ મિન્ટોની

૧૩ આઝાદ હિન્દ ફોઝની મહિલા રેજીમેન્ટનું નામ શું હતું ?
(અ) રાણી જીજાબાઈ (બ) રાણી પદ્માવતી
(ક) રાણી લક્ષ્મીબાઈ (ડ) લક્ષ્મી પંડિત

૧૪ 'હરમિટ ઓફ શિમલા' તરીકે કોણ ઓળખાય છે ?
(અ) મેડમ કામા (બ) એ.ઓ. હ્યુમ
(ક) માઉન્ટ બેટન (ડ) કમલા નહેરુ

૧૫ ગાંધીજીને 'નંગા ફકીર' તરીકે કોણે ઓળખાવ્યા હતા ?
(અ) વિસ્ટન ચર્ચિલ (બ) રાણી એલીઝાબેથ
(ક) સ્ટ્રમ્ફ (ડ) લોર્ડ મિન્ટો

### વિવિધા

**વિષય : આ સપ્તાહમાં આવતી મહત્ત્વની ઘટનાઓ**

- **૨૧ સપ્ટેમ્બર :**
- સૌરાષ્ટ્ર રાજયના પ્રથમ મુખ્યમંત્રી ઉચ્છગરાય ઢેબરનો જન્મદિવસ (૧૯૦૫)
- વૈજ્ઞાનિક, ભવિષ્યવેતા, લેખક એન.જી.વેલ્સ.નો જન્મદિવસ (૧૮૬૬)
- છોટુભાઈ સુથારની જન્મજયંતિ (૧૯૧૧)
- અભિનેત્રી કરીનાકપૂરનો જન્મદિવસ (૧૯૮૦)
- બેડમેન ગુલશન ગ્રોવરનો જન્મદિવસ (૧૯૫૫)
- **૨૨ સપ્ટેમ્બર :**
- આધુનિક મનોવિજ્ઞાન શાસ્ત્રના આધ્યસ્થાપક સિગમુંડ ફ્રોઈડનું નિધન (૧૯૩૯)
- સિક્કિમ ડેમોક્રેટીક ફ્રન્ટના સ્થાપક પવનકુમારનો જન્મદિવસ (૧૯૫૦)
- શીખગુરુ નાનકદેવનું કરતારપુરમાં અવસાન (૧૫૩૯)
- ભૌતિકશાસ્ત્રી માઈકલ ફેરાડેની જન્મજયંતિ (૧૭૯૧)
- **૨૩ સપ્ટેમ્બર :**
- મરાઠી રંગભૂમિના ઘડવૈયા અને ગાંધીવાદી મામ વેરસ્કરનું નિધન (૧૯૬૪)
- ત્રિભુવન પ્રે.ત્રિવેદી 'મસ્ત કવિ' ની જન્મજયંતિ (૧૮૬૫)
- મહાન જાદુગર કે. લાલની પુણ્યતિથી (૨૦૧૨)
- **૨૪ સપ્ટેમ્બર : (વિશ્વ બાળકી દિન)**
- પદ્મ ભૂષણ, પદ્મ વિભૂષણ ડૉ. રાજા રમન્નાનું નિધન (૨૦૦૪)
- ગુજરાતના ઈતિહાસમાં પ્રદાન આપનાર રત્નમણિરાવ ભીમરાવ જોટેનું નિધન (૧૯૪૩)
- યશોધર નર્મદાશંકર મહેતાની જન્મજયંતિ (૧૯૦૯)
- ભીખાજી કામાની જન્મજંયતિ (૧૮૬૧)
- ઈસ્લામિક વર્ષ હિજરીનો આરંભ (ઈ.સ. ૬૨૨)
- **૨૫ સપ્ટેમ્બર : (વિશ્વ નૌકાદિન / સામાજિક ન્યાય દિવસ)**
- પંડિત દિનદયાળનો જન્મ દિવસ (૧૮૮૨)
- ઈશ્વરચંદ્ર વિદ્યાસાગરની જન્મજયંતિ (૧૮૨૦)
- કથાકાર મોરારિબાપુનો જન્મદિવસ (૧૯૪૬)
- વિલિયમ ફોકનરની જન્મજયંતિ (૧૮૮૭)
- ભારતીય સ્પીનર બિશનસિંહ બેદીનો જન્મદિવસ (૧૯૪૬)
- **૨૬ સપ્ટેમ્બર :**
- પૂર્વ વડાપ્રધાન મનમોહનસિંહનો જન્મદિવસ (૧૯૩૨)
- સંગીતકાર હેમંતકુમારનું નિધન (૧૯૮૯)
- મણિલાલ ન. ત્રિવેદીની જન્મજયંતિ (૧૮૫૮)
- સદાબહાર અભિનેતા દેવઆનંદનો જન્મદિવસ (૧૯૨૩)
- **૨૭ સપ્ટેમ્બર : વિશ્વ પ્રવાસ દિન**
- ગાંધીવાદી અને સેવક બબલભાઈ મહેતાનું નિધન (૧૯૮૧)
- વલ્લભભાઈ પટેલના મોટાભાઈ વિઠ્ઠલભાઈ પટેલનો જન્મદિવસ (૧૮૭૩)
- રાજારામ મોહનરાયનું અવસાન (૧૮૩૩)
- શોભા ગર્ટુની પુણ્યતિથિ (૨૦૦૪)

### ગત સપ્તાહના સવાલનો જવાબ

**શિક્ષણમાં આમુલ પરિવર્તન લાવનાર દિલ્હીના શિક્ષણમંત્રીનું નામ શું છે ?**
**જવાબ : મનીષ સિસોદીયા**

### સાચા ઉત્તર આપનાર પત્રમિત્રો

(૧) નટુભાઈ દરજી : પેથાપુર (૨) મૂળજીભાઈ પરમાર : સે-૭બી (૩) જયેન્દ્ર પ્રસાદ પાઠક : જુ.ઈન્ફો સાયન્સ કૉલેજ (૪) ઋજિત એમ. રાવલ : સે-૭ડી, (૫) હાર્દિક ભટ્ટ : સે-૨૪ (૬) શિવાંગી બી. પટેલ : સરગાસણ (૭) કેતન એચ. ભાવસાર : સે-૨૭

### આ સપ્તાહનો સવાલ (જવાબ એક સપ્તાહમાં મોકલો)

**ગુજરાતની પનોતી પુત્રી અને નાસાની અવકાશયાત્રી સુનિતા વિલિયમનો જન્મ દિવસ કયો છે ?**

**'ગાંધીનગર સમાચાર'- ખજાનો વિભાગ**

**બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮ ગાંધીનગર**

# શબ્દને સંખ્યાને સાથ

**અમર વારસો**

ડૉ. રશ્મિકાન્ત મહેતા



(૧) પરમાત્મા

(૨) પુરુષ - પ્રકૃતિ, નર-નારી, ઉત્તરાયણ - દક્ષિણાયન. શુક્લ પક્ષ - કૃષ્ણ પક્ષ, ઉદય-અસ્ત, ચેતન - અચેતન

(૩) બ્રહ્મા - વિષ્ણુ-મહેશ, સત્વ-રજસ્-તમસ્, વાત-પિત્ત-કફ, ભૂત-વર્તમાન-ભવિષ્ય, આધિ-વ્યાધિ-ઉપાધિ.

(૪) સત્ય-ત્રેતા-દ્વાપર-કલિ, ઋગ્વેદ-યજુર્વેદ-સામવેદ-અથર્વ-વેદ, શ્રીકૃષ્ણ-બલરામ-પ્રદ્યુમન-અનિરુદ્ધ, બ્રહ્માના મુખ.

(૫) દેવાયતન-અમૃત-પ્રાણ-મહાભૂત, પાંડવ-જ્ઞાનેન્દ્રિય-કર્મેન્દ્રિય, અહલ્યા-દ્રૌપદી-તારા-મંદોદરી-સીતા.

(૬) કાર્તિકેયના મુખ. કામ-ક્રોધ-લોભ-મોહ-ઈર્ષ્યા-મદ (વિકાર) મધુર, અમ્બ વગેરે રસો. દર્શનો-ઋતુઓ,ઐશ્વર્ય

(૭) વાર-ચોઘડિયા-ઋષિઓ, અશ્વત્થામા-બલિ-વ્યાસ-હનુમાન-વિભૂષણ-પરશુરામ-કૃષ (ચિરંજીવીઓ)

(૮) શિવની વિભૂતિઓ - દિશાઓ-દિગ્ગજો-દિગ્પાલો-વિભક્તિઓ-યોગના અંગો-યોગથી પ્રાપ્ત થતી સિદ્ધિઓ.

(૯) નિધિઓ, રત્નો, દુર્ગા, અનંત-વાસુકિ-પદ્મનાભ-તક્ષક-કાલીય-ધૃતરાષ્ટ્ર-કંબલ-શંખમાળ-શેષ(નાગ)

(૧૦) ઈશ-કેન વગેરે મુખ્ય ઉપનિષદો-રાવણનાં મસ્તક, મત્સ્ય-કૂર્મ-વરાહ-હયગ્રીવ-નૃસિંહ-વામન-પરશુરામ-રામ-કૃષ્ણ-કલ્કિ (અવતાર)

(૧૧) અજ-એકપાદ-અહિર્બુદ્ધન્ય-પિનાકી-અપરાજિત-ત્ર્યંબક-મહેશ્વર-વૃષાકપિ-શંભુ-હરણ-ઈશ્વર(રુદ્ર).રુદ્રાણી. સત્ય-અહિંસા વગેરે વ્રતો.

(૧૨) મહિના-રાશિ-અ-આ વગેરે સ્વરો. ઈન્દ્ર-ધાતા-ભગત્વષ્ટા-મિત્ર-વરુણ-અર્યમા-વિવસ્વાન-સવિતા-પૂષા-અંશુમાન-વિષ્ણુ (આ દિવ્યો)

(૧૪) લોક-૭ નીચેના : અતળ-વિતળ, સુતળ-તળાવળ-મહાતળ-રસાતળ-પાતાળ, ૭ ઉપરના : પૃથ્વી ભુવઃ સ્વર્ગ. મહ-જન-તપ-સત્ય, લક્ષ્મી-પારિજાત વગેરે રત્નો, મનુઓ.

(૧૫) તિથિઓ

(૧૬) મંગલાચરણથી મંત્ર પુષ્પાંજલિ સુધીના પૂજા-ઉપચારનાં અંગો, ગર્ભાધાનથી અન્ત્યેષ્ટિ સુધીના સંસ્કારો.

(૧૮) તીર્થ - (રાજયના પધાધિકારીઓ) - મંત્રી-પુરોહિત-સેનાપતિ વગેરે. બ્રહ્મ-પદ્મ-વિષ્ણુ-શિવ વગેરે પુરાણો, પરાશર - માહેશ્વર વગેરે ઉપપુરાણો, મહાભારતના પર્વો, ગીતાના અધ્યાયો.

(૨૪) વિષ્ણુના અવતારો, તીર્થંકરોય

(૨૬) ઘોર-ભીષણ, રૌરવ વગેરે નરક.

(૨૭) સ્વમાન-ધીરજ-સંતોષ વગેરે લક્ષણો, સાહિત્ય સ્વરુપ - જેમ કે સિંહાસન બત્રીસી - મહાદેવ બત્તીસી.

(૫૨) શક્તિપીઠો - જેમકે - પ્રયાગ - કુરુક્ષેત્ર - નર્મદા

(૬૪) ગીત - ચિત્ર - વાસ્તુ વગેરે કલાઓ

(૭૦) સાહિત્યસ્વરુપ જેમ કે - શુક સપ્તતી

(૮૪) વૈષ્ણવ સંપ્રદાયમાં બેઠકો

(૧૦૦) સાહિત્ય સ્વરુપ - જેમ કે નીતિશતક, ચંડીશતક,

(૧૦૧) કૌરવો - ભાઈઓ અને બહેન

(૧૦૮) ઉપનિષદો, માળાના મણકા

(૬૦૦ ) સાહિત્ય સ્વરુપ - જેમ કે દુર્ગાસપ્તશતી

(૧૦૦૦) સ્તુતિનો પ્રકાર - જેમ કે વિષ્ણુ સહસ્રનામ - શિવસહસ્રનામ - ગાયત્રી સહસ્રનામ.

(૨૪ હજાર) ભારતસંહિતાના શ્લોક, રામાયણના શ્લોક

(૧ લાખ) મહાભારતના શ્લોક.

આ દિગ્દર્શન રૂપે જ છે. આમાં વિશેષ વિચારની શક્યતા છે.